# મહેંદી તે વાવી, માળવેને એનો રંગ ગયો ગુજરાત રે મહેંદી રંગ લાગ્યો




લાલભાઇ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમ

(તસવીર: સતીષ જાદવ)



યોગીપાર્ક સોસાયટી અડાજણ



મહાવીર રો હાઉસ અડાજણ, મહિલા મંડળ

## સરથાણામાં ડ્રેનેજ, પાણીની લાઈનની કામગીરીથી રસ્તો બંધ

**દોઢ** મહિના સુધી ગોપીન સર્કલથી અબ્રામા ગામ સુધીના માર્ગ પર તબક્કાવાર કામ હાથ ધરાશે, વાહનો માટે ડાયવર્ઝન

સુરતઃ સુરત મનપાના દ્વારા ગોપીન સર્કલથી અબ્રામા ગામ (DFCCIL રેલ્વે અંડરપાસ) સુધીના રસ્તા પર તા. 14/10/2026 થી તા. 30/12/2026 સુધી ડ્રેનેજ અને પાણીની લાઈન નાંખવા માટે ખોદાણ કામગીરી હાથ ધરવામાં આવશે. જેથી આ સમયગાળા દરમિયાન આ રસ્તા પર તમામ રાહદારીઓ તેમજ તમામ વાહન વ્યવહારની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

રસ્તો બંધ રહેવાના કારણે વાહનચાલકોને મુશ્કેલી ન પડે તે માટે મનપા દ્વારા વૈકલ્પિક રૂટ નક્કી કરવામાં આવ્યા છે. જેમાં નાના વાહનો માટે અબ્રામા ગામ તરફથી ગોપીન સર્કલ તરફ જવા માટે DFCCIL રેલ્વે અંડરપાસથી સાગા સ્ટુડીયો / જીયો પેટ્રોલ પંપ થઈ, કુંભકુમ બા સર્કલ થઈ રીંગ રોડ પરથી ગોપીન સર્કલ જઈ શકાશે. જ્યારે ગોપીન સર્કલથી અબ્રામા ગામ તરફ જવા માટે ફક્ત નાના વાહનો કુંભકુમ બા સર્કલથી સાગા સ્ટુડીયો દુખીયાના દરબાર રોડ પરથી કેનાલ થઈને જઈ શકશે. બીજી તરફ, ગોપીન સર્કલથી હાઈવે તરફ જતા મોટા વાહનો માટે કુંભકુમ બા સર્કલથી દુખીયાના દરબાર રોડ થઈ ગોથાણ રેલવે બ્રીજ પાસે થી રંગોલી ચોકડી થઈ હાઈવે તરફ જઈ શકાશે. તેમજ હાઈવેથી ગોપીન સર્કલ આવતા મોટા વાહનો ગોથાણ રેલવે બ્રીજથી કુંભકુમ બા સર્કલ થઈ ગોપીન સર્કલ આવી શકશે.

## સેન્ટ્રલ ઝોનમાં લાઇનમાં લીકેજ: 22 ઓક્ટો.એ અનેક ઠેકાણે પાણીકાપ

**21થી** 23 ઓક્ટો. દરમિયાન 30 કલાક રિપેરિંગ થશે, 23મીએ ઓછા પ્રેશરથી પાણી મળવાની શક્યતા

સુરતઃ ફાલસા વાડી પોલીસ સ્ટેશનની સામે, રિંગ રોડ પર MMTHની કામગીરી દરમિયાન પાણીની લાઈનમાં લીકેજ થયું હતું. જેનું રિપેરિંગ તા.21/10/2026 બુધવારે રાત્રે 11 કલાકે શરૂ થઈને તા.23/10/2026 ને શુક્રવારે સવારે 5 કલાક સુધી સતત ચાલશે. આ મોટી રિપેરિંગ કામગીરીના કારણે સળંગ 30 કલાક સુધી પાઈપલાઈન બંધ રાખવાની જરૂરિયાત ઊભી થઈ છે, જેના લીધે શહેરના વ્યાપક વિસ્તારોના પાણી પુરવઠા પર અસર પડશે.

### ક્યા ક્યા વિસ્તારને અસર થશે?

» સેન્ટ્રલ ઝોન (દક્ષિણ વિભાગ)માં રાજમાર્ગથી દક્ષિણ તરફનો તમામ વિસ્તાર (બેગમપુરા, સલાબતપુરા, ગોપીપુરા, સગરામપુરા, નાનપુરા, રૂદરપુરા, સોની ફળિયા અને તેની આજુબાજુનો સમગ્ર વિસ્તાર) તેમજ રેલવે સ્ટેશન અને સુમુલ ડેરી; સેન્ટ્રલ ઝોન (ઉત્તર વિભાગ)માં દિલ્હીગેટથી ચોક બજાર, રાજમાર્ગથી ઉત્તર તરફના વિસ્તારમાં મહિધરપુરા, રામપુરા, હરિપુરા, સૈયદપુરા, ઘાસ્તીપુરા, શાહપોર-નાણાંવટ અને આજુબાજુનો સમગ્ર વિસ્તાર તેમજ રેલવે સ્ટેશન અને સુમુલ ડેરી » વરાછા ઝોન-એમાં રેલવે સ્ટેશન, સુમુલ ડેરી, અશ્વિનીકુમાર, ફૂલપાડા, લંબે હનુમાન રોડ, ઉમરવાડા, નાના વરાછા, કરંજ, કાપોદ્રા તેમજ સીતારામ સોસાયટી અને આઈમાતા રોડ તથા તેની આસપાસનો વિસ્તાર » ઉધના ઝોન-એમાં ઉધના ગામતળ, શાંતિનગર, મીરાનગર, ઉદ્યોગનગરથી મઢીની ખમણી સુધી, ખટોદરા ઇન્ડસ્ટ્રિયલ, સિવિલ હોસ્પિટલ, નવજીવન ઇન્ડસ્ટ્રિયલ, ઉધના ઝોન ઓફિસનો આસપાસ વિસ્તાર, ખટોદરા બેઠી કોલોની, શાસ્ત્રીનગર, ગાંધીનગર, સબજેલનો આસપાસનો વિસ્તાર, ચંદનવન, ગાયત્રીનગર-૧ અને ૨ તથા લક્ષ્મીનગર પોસ્ટલ કોલોની » અઠવા ઝોનમાં અઠવાગેટ, લાલ બંગલો, ઘોડદોડ રોડ, ભટાર રોડ વગેરે વિસ્તારમાં આવેલી સોસાયટીઓ તેમજ સિટીલાઈટ રોડ, પીપલોદ ગામ, ઉમરા ગામતળ તથા સદર વિસ્તારમાં આવેલી સોસાયટીઓ અને SVNIT તથા VNSGU કેમ્પસ અને નોર્થ (કતારગામ) ઝોનમાં કતારગામ દરવાજા, સુમુલ ડેરી, સુમુલ ડેરી રોડ, અલકાપુરી, ગોટાલાવાડી, કતારગામ બાળાશ્રમ તથા તેની આજુબાજુનો સમગ્ર વિસ્તાર

## સામાજિક કાર્યકર સાથે રૂ.૧.૬૩ લાખની છેતરપિંડી

સુરતઃ મોટા વરાછાના સુદામા ચોક સ્થિત ક્રિષ્ના ટાઉનશિપમાં રહેતા અને સામાજિક કાર્યકર વિપુલભાઈ રસિકભાઈ દેસાઈ (ઉં.વ.૪૦)ને સની ગણેશભાઈ ગોરસીયા (રહે.,મરિના બિલ્ડિંગ, VIP સર્કલ પાસે, ઉત્રાણ)એ સરકારના ટુરિઝમ વિભાગમાં ક્લાર્ક હોવાની ઓળખ આપી NGOને મલ્ટિનેશનલ કંપનીઓનું CSR ફંડ અપાવવાનું કામ કરતો હોવાનું જણાવ્યું હતું. ફંડની માંગણી કરતાં ખર્ચ પેટે રૂ.૨,૧૩,૫૦૦ લીધા હતા. તપાસ કરતાં સની કોઈ સરકારી અધિકારી ન હોવાનું સામે આવતા રકમ પરત માંગી હતી, જે સામે તેને જાનથી મારી નાંખવાની ધમકી આપતા પોલીસમાં અરજી કી ત્યારે 50 હજાર પરત આપ્યા હતા જ્યારે બાકીની રકમ પરત ન આપતા વિપુલભાઈએ પોલીસ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## હીરાબાગના શ્રીનાથજી આઈસક્રીમ દ્વારા વાસી ફ્રૂટ સલાડ અપાયું

**જાગૃત** ગ્રાહકે વિડીયો વાયરલ કરતાં જ દોડતી થયેલી મનપાએ રૂ.3000નો દંડ ફટકાર્યો



સુરતઃ સુરતના વરાછા સ્થિત હીરાબાગ સર્કલ પાસે આવેલી જાણીતી શ્રીનાથજી આઈસ્ક્રીમની દુકાનમાંથી ગ્રાહકને પીરસવામાં આવેલા ફ્રૂટ સલાડમાંથી દુર્ગંધ અને ખરાબ ગુણવત્તા સામે આવતા ભારે વિવાદ સર્જાયો છે.

લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થતા હોવાનું જણાતા ગ્રાહકે તરત જ તેનો વીડિયો રેકોર્ડ કર્યો હતો. આ વીડિયોમાં ફ્રૂટ સલાડની ગુણવત્તા ખરાબ હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું હતું. ગ્રાહકે આ વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરતા વાયરલ થઈ ગયો હતો. નાગરિકોમાં પણ આવા બેદરકાર વેપારીઓ સામે કડક પગલાં લેવાની માગ ઉઠી હતી.

વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ સુરત મહાનગરપાલિકાનું ફૂડ વિભાગ હરકતમાં આવ્યું હતું. મનપાની ફૂડ સેફ્ટી ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી હીરાબાગ સર્કલ સ્થિત શ્રીનાથજી આઈસ્ક્રીમ શોપ પર દરોડા પાડ્યા હતા. આરોગ્ય વિભાગના અધિકારીઓએ સ્થળ પર ઉપલબ્ધ ખાદ્યસામગ્રી અને સ્વચ્છતાની સઘન ચકાસણી હાથ ધરી હતી. તપાસ દરમિયાન ક્ષતિઓ જણાતા તંત્ર દ્વારા સંચાલકને સ્થળ પર જ 3,000નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ સાથે જ દુકાનદારને સ્વચ્છતા અને ફૂડ સેફ્ટીના નિયમોનું પાલન કરવા અંગે કડક નોટિસ પણ ફટકારવામાં આવી છે. વધુ તપાસ અર્થે ફૂડ વિભાગે શંકાસ્પદ ફ્રૂટ સલાડ સહિતના ખાદ્યપદાર્થોના સેમ્પલ લઈને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલી આપ્યા છે. લેબ રિપોર્ટ આવ્યા બાદ જો ગંભીર ખામી જણાશે તો દુકાન સામે વધુ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં કરાશે.

## સબરજિસ્ટ્રાર કચેરીના કર્મીઓ દ્વારા કાળી પટ્ટી પહેરી કરી વિરોધ

**22મીએ** સામૂહિક રજા અને 2 નવેમ્બરથી અનિશ્ચિત મુદતની હડતાળની જાહેરાત

**દસ્તાવેજ** નોંધણીની કામગીરી પર અસર પડવાની ભીતિ

સુરતઃ રાજ્ય સરકારને મહત્ત્વની મહેસૂલી આવક પૂરી પાડતા નોંધણી અને સ્ટેમ્પ વિભાગમાં કર્મચારીઓના આંદોલનને પગલે આગામી દિવસોમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી પર અસર પડવાની ભીતિ ઊભી થઈ છે. સબરજિસ્ટ્રાર કચેરીના કર્મચારીઓએ 13 પડતર માંગણીઓનો ઉકેલ લાવવા માટે આજે ફરજ દરમિયાન કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ નોંધાવ્યો હતો.

સરકાર દ્વારા પ્રશ્નોનો ઉકેલ નહીં લાવવામાં આવે તો 22 ઓક્ટોબરે સામૂહિક રજા અને ત્યારબાદ 2 નવેમ્બરથી અનિશ્ચિત મુદતની હડતાળ પર ઊતરવાની ચીમકી આપવામાં આવી છે. કર્મચારી મંડળના જણાવ્યા મુજબ, મહેસૂલ વિભાગ અને નોંધણી સરનિરીક્ષકની કચેરી સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં કર્મચારીઓના સેવા વિષયક અને વહીવટી પ્રશ્નોનો ઉકેલ આવ્યો નથી. આથી આંદોલનનો માર્ગ અપનાવવાની ફરજ પડી છે. સુરત સબરજિસ્ટ્રાર કચેરી ખાતે પણ કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ વ્યક્ત કર્યો હતો. કર્મચારીઓની મુખ્ય માગણીઓમાં નોટિસ અને ચાર્જશીટ આપવાની કાર્યવાહી બંધ કરવી, ટાઈટલ તથા આધારકાર્ડ અંગેના પરિપત્રો રદ કરવા અને ગરવી 2.0 પોર્ટલમાં જરૂરી સુધારા કરવાનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત પાસબુક અધિનિયમ સંબંધિત પ્રશ્નો અન્ય વિભાગને સોંપવા, FIR અંગે સ્પષ્ટ માર્ગદર્શિકા આપવા તથા સબ-રજિસ્ટ્રાર ગ્રેડ-1 અને ગ્રેડ-2ના કેડરનું વિલીનીકરણ કરવાની માગ પણ કરવામાં આવી છે. બદલીની અરજીઓનો નિકાલ, બિનજરૂરી રજિસ્ટરો દૂર કરવા, દસ્તાવેજ નોંધણીનાં એપોઈન્ટમેન્ટનું ભારણ ઘટાડવા, વરિષ્ઠતા અને બઢતીના પ્રશ્નો ઉકેલવા તથા SFT રિટર્નનાં બિલ મંજૂર કરવાની માગણી પણ છે. કાયદાકીય માર્ગદર્શન અને વહીવટી નિયમોના યોગ્ય અમલનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે.

## મિત્રના કથિત બ્લેકમેઈલિંગથી રત્નકલાકાર યુવકનો આપઘાત

**મંગેતર** અને પરિવારજનોને ફોટા મોકલવાની ધમકી આપતો હોવાનો આક્ષેપ

સુરતઃ મિત્રના કથિત બ્લેકમેઈલિંગથી રત્નકલાકાર યુવકે આપઘાત કરી લીધો હતો.

મૂળ અમરેલીના કેરીયાચાડનો વતની અને હાલ વરાછાના હીરાબાગ વિસ્તારમાં આવેલા ઈશ્વર પેલેસમાં રહેતો વિરલ મનીષભાઈ દેવાણી રત્નકલાકાર તરીકે કામ કરતો હતો. ગત 15 ઓક્ટોબરે બપોરે તેણે ઘરે ઝેરી દવા પી લીધી હતી. પરિવારજનો નવી સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા, જ્યાં શુક્રવારે રાત્રે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. પોલીસના જણાવ્યા મુજબ, વિરલનો મિત્ર જયદીપ અને તેની પત્ની વચ્ચે અણબનાવ થતાં છૂટાછેડા થયા હતા. આ દરમિયાન જયદીપ તેની પત્ની સાથેના વિરલના ફોટા મંગેતર, પરિવારજનો અને મિત્રોને મોકલવાની ધમકી આપતો હોવાનો આક્ષેપ છે. વધુમાં, વિરલના નામે લોન લેવામાં આવી હતી અને શરૂઆતના કેટલાક હપ્તા ભર્યા બાદ જયદીપે હપ્તા ભરવાનું બંધ કરી દીધું હોવાનું પણ જણાવાયું છે. પરિવારજનોના જણાવ્યા મુજબ, સતત બ્લેકમેઈલિંગથી વિરલ માનસિક તણાવમાં રહેતો હતો.

### પોલીસે ધ્યાન ન આપ્યાનો આક્ષેપ

પરિવારજનોના જણાવ્યા પ્રમાણે મૃતકે ત્રણ મહિના પહેલાં પણ ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પરિવારજનો દ્વારા અગાઉ વરાછા પોલીસમાં અરજી કરવામાં આવી હોવા છતાં યોગ્ય કાર્યવાહી ન થઈ હોવાનો આક્ષેપ કરાયો છે.

## નીચા ભાવે ભરાયેલા 12 કરોડનાં 28 ટેન્ડર દફ્તરે

**ઓછા** ભાવ ભરશે તો આઈટમ દીઠ ભાવનું પૃથ્થકરણ આપવું પડશે, વધુ સિક્યુરિટીસ ડિપોઝિટ લેવાશે

સુરતઃ સુરત મનપામાં કામની ગુણવત્તા જાળવવા અને ઓછા ભાવે ટેન્ડરો ભરનાર કોન્ટ્રાક્ટરો બાદમાં કામ છોડી નહીં દે તે માટે શનિવારે મળેલી સ્થાયી સમિતિમાં આવા નીચા ટેન્ડરોના કુલ 12 કરોડની કિંમતનાં 28 કામો દફ્તરે કરાયાં હતાં.

સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલે જણાવ્યું હતું કે, હાલ આવાં કામો પર બ્રેક મારવામાં આવી છે. મનપા કમિશનરમાં પણ આ ફાઈલો હોય તો, શાસકો સમક્ષ હાલ ન લાવવા જાણ કરી દેવાઈ છે. તેમજ જે-તે સમિતિમાં પણ આવાં કામો પર બ્રેક જ મરાશે. જો કોઈ એજન્સીનું લોએસ્ટ ટેન્ડર એસઓઆરથી 10%થી વધુ પરંતુ 20% સુધી નીચું હશે, તો તેવા કિસ્સામાં એજન્સીએ 10%થી લઈને જેટલા ટકા તફાવત પડતો હોય તેટલી રકમની પ્રોજેક્ટ કોસ્ટ પર 20% વધુ એડિશનલ પર્ફોમન્સ સિક્યોરિટી ડિપોઝિટ મનપામાં જમા કરાવવાની રહેશે. ડિપોઝિટ તરીકે રાખવામાં આવતી આ વધારાની રકમ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થયેથી 28 દિવસની અંદર એજન્સીને પરત કરવામાં આવશે. શનિવારે મળેલી સુરત મનપાની સ્થાયી સમિતિમાં અંદાજિત ખર્ચ કરતાં 30%થી વધુ નીચા ભાવે ભરાયેલા કુલ રૂ.12,30,77,585ની રકમના 28 જેટલા વધારાનાં કામો દફ્તરે કરવામાં આવ્યાં છે. હવેથી એસઓઆરથી 10% કે તેથી નીચા ભાવે બિડ કરનાર એજન્સીએ કામના આઈટમ દીઠ ભાવનું તાર્કિક પૃથ્થકરણ રજૂ કરવું પડશે.

**2 કારખાનાં, દુકાન, ઘરમાં આગના બનાવ**

## બમરોલીમાં કારખાનામાં આગ લાગી, બે કર્મીનું રેસ્ક્યુ

**ઈચ્છાપોર,** સચિન અને ઉધનામાં મોટા પ્રમાણમાં માલસામાન બળીને ખાખ

સુરતઃ બમરોલી રોડ પર કોમલ સર્કલ પાસે આવેલી રૂપલ ઈન્ડસ્ટ્રીયલમાં જરીના ફિરકા અને બોબીન બનાવવાના ખાતામાં શનિવારે સવારે અચાનક આગ ભડકી ઊઠી હતી. ધુમાડાના કારણે ફરજ બજાવતા 25 વર્ષીય દીપક માથુર અને 39 વર્ષીય ફાલ્ગુની રાણા શ્વાસ રુંધાવાના કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. ફાયર બ્રિગેડના જવાનોએ ત્વરિત ઘટનાસ્થળે પહોંચી બંનેના મોઢા પર રૂમાલ બાંધી દાદર પરથી સલામત રીતે નીચે ઉતારી તેમનો બચાવ કર્યો હતો. આ જ રીતે, બીજા બનાવમાં ઈચ્છાપોર સ્થિત ભાટપોર GIDCના એક કાપડ યુનિટમાં પણ શનિવારે સવારે આગ લાગી હતી, ફાયર ફાઈટરોએ ટૂંક સમયમાં સ્થિતિ પર કાબૂ મેળવી લીધો હતો.

આગની ત્રીજી ઘટનામાં સચિનના સાઈનાથ નગરમાં આવેલી રેડીમેડ ગારમેન્ટની દુકાનમાં શુક્રવારે રાત્રે શોર્ટ સર્કિટના કારણે આગ લાગતા 3 ફાયર સ્ટેશનની ગાડીઓ સાથે પહોંચેલા કાફલાએ 2 કલાક સુધી સતત પાણીનો મારો ચલાવી આગ સંપૂર્ણપણે ઓલવી નાખી હતી. ચોથા બનાવમાં ઉધનાના અંબિકા નગરમાં ઘરમાં ગેસ સિલિન્ડરમાંથી લીકેજ થતાં આગ ભભૂકી ઊઠી હતી. આગની ઝપેટમાં 2000 સાડી, કાચોમાલ તેમજ 50,000ની રોકડ રકમ સહિતનો માલસામાન બળીને રાખ થઈ ગયો હતો. તમામ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી.

# સંક્ષિપ્ત સમાચાર

## યોગાસન સ્પર્ધામાં સુરતના ખેલાડીઓનો દબદબો

સુરતઃ જયપુર ખાતે યોગા ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા ૫૧મી સબ જુનિયર તથા જુનિયર નેશનલ યોગાસન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિવિધ વય જૂથમાં મંત્રી પરેશ ભટ્ટના નેતૃત્વ હેઠળ ૩૮ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં દક્ષ ભૂત (ગોલ્ડ મેડલ), ઇશા રાઠોડ (ગોલ્ડ મેડલ), રિંકલ ગજ્જર (સિલ્વર મેડલ), રિંકલ વેકરીયાએ (બ્રોન્ઝ મેડલ) પ્રાપ્ત કરી સુરતનું નામ રોશન કર્યું છે. અન્ય ૧૫ વિજેતા નીત્યા પટેલ, વિહા શાહ, રાજવીર પટેલ, મિત રાઠોડ, શ્વેતા ઠક્કર, કવિશા પટેલ, લિયા અંગ્રોલિયા, પ્રિન્સ ભરૂચા, પરી પટેલે ઉત્કૃષ્ટ દેખાવ કરતા ગુજરાતની ટીમ ત્રીજા ક્રમે રહી હતી. ગુજરાત સ્ટેટ યોગ એસો.ના ઉપપ્રમુખ મહેન્દ્ર પ્રજાપતિ, ટ્રસ્ટી દિપેશ સુખડિયા, કોચ સોનું યાદવ ટીમને અભિનંદન આપ્યા હતા.

## એસઆર લુથરા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટમાં નવરાત્રિની ઉજવણી કરાઈ



સુરતઃ સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત અને સાર્વજનિક યુનિ.ની ઘટક સંસ્થા એસ. આર. લુથરા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ દ્વારા ખૂબ જ ઉત્સાહ અને સાંસ્કૃતિક રંગભેર નવરાત્રી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાનાં દાતા શારદારાણીજી રમેશચંદેર લુથરા ઉપસ્થિત રહ્યાં હતાં. સંસ્થા દ્વારા નવરાત્રી સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. નિર્ણાયક તરીકે ફિટનેસ ટ્રેનર અને ફેશન ડિઝાઇનર ફરઝાના વિસ્પી ખરાદી ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે સાર્વજનિક યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ આશિષ વકીલ, સાર્વજનિક યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. ડો. કિરણ પંડયા, એસ. આર. લુથરા ઇન્સ્ટટ્યુટ ઓફ મેનેજમેન્ટના ચેરમેન રીપ્રેસેન્ટેટિવ સી.એ. યતિશ પારેખ અને રિગેન ફેશન પ્રા. લિ.ના મલિક ડો. દિનેશ ધનકાની હાજર રહ્યા હતા.

## AURO યુનિવર્સિટી, સુરત ખાતે ફાયર સેફ્ટી અવેરનેસ તાલીમ કાર્યક્રમ યોજાયો



સુરતઃ AURO યુનિવર્સિટી, સુરતના નેશનલ સર્વિસ સ્કીમ (NSS) દ્વારા CISF ફાયર વિંગ, KGPP કાવસના સહયોગથી ફાયર સેફ્ટી અવેરનેસ તાલીમ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને આગથી બચાવ, કટોકટીના સમયે તાત્કાલિક પ્રતિસાદ અને ફાયર એસ્ટિંગ્વિશર (અગ્નિશામક સાધન)ના યોગ્ય ઉપયોગ અંગે સૈદ્ધાંતિક અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન CISFના ડેપ્યુટી કમાન્ડન્ટ કે. પી. સૈની અને ઇન્સ્પેક્ટર (ફાયર) રાણા રણવીરનું તેમના મૂલ્યવાન યોગદાન બદલ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે મેરિયટ હોટેલના રવિ, કોટયાર્ડ મેરિયટ હોટેલના વિશાલ ચૌહાણ અને AURO યુનિવર્સિટીના સુરક્ષા અધિકારી ગિરીશ આહીરે પણ સહયોગ આપ્યો હતો.

## નવરાત્રિમાં જૈનોમાં નવ દિવસ સુધી તપ-ત્યાગની રમઝટ ચાલે છે: પદ્મદર્શનસૂરિજી



ભીવંડી: શ્રી ગોકુળનગર નઝરાણા જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં પ્રભાવક પ્રવચનકાર જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજની પાવન નિશ્રામાં ‘નવપદ વધામણાં’ એ વિષય ઉપર મૌલિક અને માર્મિક પ્રવચન યોજાયું હતું. પદ્મદર્શનસૂરિજી મહારાજે જણાવ્યું હતું કે, જૈન શાસનમાં શાશ્વતના બે પર્વો છે. ચૈત્ર મહિનાની અને આસો મહિનાની શાશ્વતી આયંબિલની ઓળી. નવ દિવસના નવ પદની આત્મસાધનાની આ સુવર્ણ ક્ષણ છે. હિંદુ પ્રજામાં જેમ નવલી નવરાત્રી છે તેમ જૈન શાસનમાં નવ પદની નવ દિવસની આ અપ્રતિમ સાધના છે. નવરાત્રિમાં ગરબાની જેમ રમઝટ ચાલે છે તેમ જૈનોમાં નવ દિવસ સુધી તપ-ત્યાગની રમઝટ ચાલે છે. હિંદુ પ્રજામાં ખાવા-પીવા અને મોજશોખના પર્વો હોય છે જ્યારે જૈનોમાં તપ-ત્યાગનાં પર્વો હોય છે. વાસ્તવમાં નવરાત્રિનું પર્વ તપ, જપ અને સાધનાનું પર્વ છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી આ પર્વ નાચવા, કૂદવા અને જલશાબાજીનું બની ગયું છે. જો કે વડીલો આ પર્વમાં નવ દિવસ સાધનામાં પણ લીન બને છે. યુવાધને પર્વનું લક્ષ્ય સમજવું જોઇએ.

## પંચમ્ ગ્રુપનો આજે શમ્મી કપૂર-શશી કપૂરનાં ફિલ્મી ગીતોનો કાર્યક્રમ થશે

સુરતઃ ‘ગા મેરે મન ગા’ શ્રેણી અંતર્ગત પંચમ્ ગ્રુપ ઓફ મ્યુઝિક દ્વારા શમ્મી કપૂર અને શશી કપૂરના ફિલ્મી ગીતોનો જાહેર કાર્યક્રમ આગામી રવિવાર તા.૧૮મી ઓક્ટોબરના બપોરે ૪થી૮ સ્વરાંગન સ્ટુડિયો, રાજહંસ સ્ટેડિયમ પ્લાઝા, નવી એલ પી સવાણી સ્કૂલ પાસે, પાલ, સુરત રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમ માણવા માટે કોઈ પ્રવેશ ફી નથી. સંગીત રસીકોને કાર્યક્રમો માણવા આમંત્રણ અપાયું છે.

## સ્કોબા દ્વારા મુકેશ ગજ્જરને બેન્કિંગ ક્ષેત્રની નોંધપાત્ર સેવાઓ માટે એવોર્ડથી સન્માનિત કરાયા




સુરતઃ સાઉથ ગુજરાત કો-ઓપરેટિવ બેન્કસ એસોસિએશન દ્વારા સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખ મુકેશ એન. ગજ્જરને સહકારી બેન્કિંગ ક્ષેત્રે તેમની નોંધપાત્ર સેવાઓ બદલ પ્રતિષ્ઠિત ‘આઉટસ્ટેન્ડિંગ પ્રેસિડેન્ટ’એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.મુકેશ ગજ્જરે 1 એપ્રિલ, 2012થી 30 સપ્ટેમ્બર, 2022 સુધી એક દાયકા દરમિયાન પ્રમુખ તરીકે સેવા આપી હતી. આ સમયગાળામાં બેન્કો વચ્ચે પરસ્પર સહકાર વધારવા, કર્મચારીઓ અને બેન્કોના સંચાલકો માટે તાલીમ શિબિરો યોજવા, બેન્કિંગ ક્ષેત્રના પ્રશ્નો નિયમનકારી સંસ્થાઓ સમક્ષ રજૂ કરવા તથા SCOBA પ્રાઇડ એવોર્ડની પ્રતિષ્ઠા વધારવા તેમણે યોગદાન આપ્યું હતું. સમગ્ર ભારતમાં એસોસિએશનની અગ્રસ્થિતિ જાળવવામાં તેમના પ્રયાસોની પણ પ્રશંસા કરવામાં આવી હતી. સ્કોબાના પ્રમુખ ગૌતમ યુ. વ્યાસે મુકેશ ગજ્જરના દીર્ઘાયુષ્ય અને તંદુરસ્ત જીવનની શુભેચ્છા પાઠવી હતી.

## મનસા દેવી મંદિરે ૪૫૧ કન્યાઓના પૂજન અને મહાપ્રસાદનું આયોજન



સુરતઃ ભરથાણા-કોસાડ સ્થિત ભગવતી મનસા દેવી મંદિરે શારદીય નવરાત્રિના સાતમા નોરતે ૪૫૧ કન્યાઓના પૂજન અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક કાર્યક્રમ બપોરે ૧૨:૩૦ કલાકે યોજાશે. નવરાત્રિના પાવન અવસરે માતાજીની આરાધના સાથે કન્યાપૂજન કરી ભક્તો ધન્યતા અનુભવશે. મંદિર તરફથી તમામ શ્રદ્ધાળુઓને આ કાર્યક્રમમાં વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે. ભક્તો માતા મનસા દેવીનાં દર્શન કરી આશીર્વાદ મેળવવા સાથે મહાપ્રસાદનો લાભ લઈ શકશે. આ પ્રસંગે કન્યાઓના આશીર્વાદ સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે તેવી પ્રાર્થના કરવામાં આવી છે. મંદિર દ્વારા ભક્તોને પરિવાર સહિત ઉપસ્થિત રહી ધાર્મિક આયોજનને સફળ બનાવવા અપીલ કરવામાં આવી છે.